બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઇ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
▸ When the worlds sleeps
▸ Our power keeps working
▸ Ensures uninterrupted Performance
▸ 24x7 service
▸ 365 days a year
▸ Because downtime is not an option
▸ Soundless power
SAINI
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/3/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૧૮ * * * સંવત ૨૦૮૨ પોષ વદ નોમ, સોમવાર ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

### રાજકોટ ખાતે યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સને વડાપ્રધાન મોદીનું સંબોધન

# ભારત ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ : મોદી

**ભારતને** આર્થિક રૂપે મજબૂત બનાવવામાં ગુજરાત મોટો ફાળો આપી રહ્યું છે : વડાપ્રધાન

**ઉભરતા** આંકડા દર્શાવે છે કે ભારત પાસેથી વિશ્વની અપેક્ષાઓ સતત વધી રહી છે : પીએમ મોદી





**ગાંધીનગર, તા. 11 :** રાજકોટમાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-2026નું ઉદઘાટન કરતા પીએમ નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્ર અને કચ્છને ભારતના વિકાસના "એન્કર રીજન" તરીકે વર્ણવ્યા હતા. 2026ની શરૂઆત બાદ ગુજરાતની પ્રથમ મુલાકાત દરમિયાન તેમણે કહ્યું હતું કે "વિકાસ પણ, વિરાસત પણ" આજના ભારતનું માર્ગદર્શન મંત્ર બની ગયું છે. ભારતે તાજેતરના વર્ષોમાં ઝડપી પ્રગતિ કરી છે, અને ગુજરાત અને તમે બધાએ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ઉભરતા આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારત પાસેથી વિશ્વની અપેક્ષાઓ સતત વધી રહી છે. ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. "રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ"ના મંત્રથી ભારત મોબાઈલ મેન્યુફેક્ચરિંગ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, ડિજિટલ પેમેન્ટ્સ, સૌર ઊર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બન્યું છે.

તેમણે કહ્યું હતું કે આજે 'વિકાસ અને વિરાસત'ના મંત્ર ચારે બાજુ ગુંજી રહ્યો છે. બે દાયકા પૂર્વે એક સપનાથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાતની યાત્રા આજે એક ગ્લોબલ બેન્ચમાર્ક સાથે અતૂટ ભરોસા સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં 10 વાઈબ્રન્ટ સમિટ યોજાઈ ચૂકી છે. વાઈબ્રન્ટ સમિટ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વને ગુજરાતના સામર્થ્યથી પરિચિત કરાવવાનો હતો, પરંતુ આજે તે રોકાણથી આગળ વધીને ગ્લોબલ ગ્રોથ અને પાર્ટનરશીપનું એક મજબૂત પ્લેટફોર્મ બની ગયું છે. અહીં કોર્પોરેટ ગ્રુપ, MSME, સ્ટાર્ટઅપ્સ અને આંતરરાષ્ટ્રીય

...અનુસંધાન પાના 2 પર

### ગુજરાતમાં નેચર, એડવેન્ચર, કલ્ચર અને હેરિટેજનું અદભૂત મિશ્રણ : મોદી

ગુજરાતના પ્રવાસન ક્ષેત્ર વિશે વાત કરતા પીએમમ મોદીએ જણાવ્યું હતું કે, અહીં નેચર, એડવેન્ચર, કલ્ચર અને હેરિટેજનું અદભૂત મિશ્રણ છે. લોથલમાં બની રહેલું નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ ભારતની સાડા ચાર હજાર વર્ષ જૂની દરિયાઈ વિરાસતનું પ્રતીક છે. કચ્છનું રણોત્સવ અને ત્યાંની ટેન્ટ સિટી પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર છે. વન્યજીવ પ્રેમીઓ માટે ગીર ફોરેસ્ટમાં એશિયાટિક સિંહના દર્શનનો અનેરો અનુભવ છે. બ્લુ ફ્લેગ સર્ટિફાઈડ શિવરાજપુર બીચ ઉપરાંત માંડવી, સોમનાથ અને દ્વારકામાં બીચ ટુરિઝમની ઘણી શક્યતાઓ છે, જ્યારે દીવ વોટર સ્પોર્ટ્સ માટે શ્રેષ્ઠ ડેસ્ટિનેશન બની રહ્યું છે.

### મોરબી-જામનગર-રાજકોટ ત્રિકોણને મિની જાપાન બનાવવાની વાત આજે વાસ્તવિકતા : પીએમ

પીએમ મોદીએ પોતાના સંબોધન દરમિયાન તેમણે એક જૂના ભાષણને યાદ કરતા કહ્યું, જ્યારે હું ગુજરાતનો મુખ્યમંત્રી હતો, ત્યારે મેં એક વાર કહ્યું હતું કે મોરબી, જામનગર અને રાજકોટનો આ ત્રિકોણ એક દિવસ મિની-જાપાન બનશે. ત્યારે લોકોએ મારી મજાક ઉડાવી હતી. પરંતુ આજે, હું મારી નજર સમક્ષ તે સ્વપ્ન સાકાર થતું જોઈ રહ્યો છું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રદેશ ઝડપથી ઔદ્યોગિક, તકનીકી અને ઉત્પાદન ક્ષમતાઓનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે, જે દેશની વિકાસ યાત્રામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### વડાપ્રધાને કહ્યું : સૌરાષ્ટ્ર-કચ્છમાં રોકાણ કરવાનો આ સાચો સમય

ગ્રીન ગ્રોથ પર પ્રકાશ પાડતાં તેમણે જણાવ્યું હતું કે કચ્છમાં વિકસતો 30 ગીગાવોટ ક્ષમતાવાળો રિન્યુએબલ એનર્જી પાર્ક, ગ્રીન હાઇડ્રોજન હબ અને બેટરી સ્ટોરેજ સિસ્ટમ્સ ભારતની ઊર્જા સુરક્ષા અને ટકાઉ વિકાસનો આધાર બનશે. સાથે જ પીપાવાવ અને મુંદ્રા બંદરો ઓટોમોબાઇલ નિકાસ અને પોર્ટ-લેડ ડેવલપમેન્ટમાં નવી તકો ઊભી કરી રહ્યા છે. રોકાણકારોને સંદેશ આપતા પીએમ મોદીએ કહ્યું કે "આ સાચો સમય છે" - સૌરાષ્ટ્ર અને કચ્છમાં રોકાણ કરવાનો. તેમણે ખાતરી આપી કે અહીં કરાયેલું દરેક રોકાણ ઉત્તમ વળતર આપશે અને વિકસિત ભારત @2047ના લક્ષ્યને સાકાર કરવામાં મદદરૂપ થશે.

**આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્વનું ઉદ્ઘાટન કરશે**

### પીએમ મોદી આજે જર્મનીના ચાન્સેલર સાથે સાબરમતી આશ્રમ જશે

**ગાંધીનગર :** આવતીકાલે સવારે 8.30 કલાકે ગાંધી આશ્રમ પહોંચશે. પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે 8.30 કલાકે ગાંધી આશ્રમ પહોંચશે. પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે જર્મન ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની સાથે ગાંધી આશ્રમની મુલાકાત કરશે.આગામી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬'નું ઉદ્ઘાટન કરશે. આ ઉદ્ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો સહભાગી થશે. આ ઉપરાંત, ગુજરાત સહિત ભારતનાં ૧૪ રાજ્યોમાંથી ૯૩૬થી વધુ પતંગબાજો ભાગ લેશે. આમ, કુલ મળીને ૧૦૭૧ પતંગ રસિયાઓ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પતંગ ઉડાડશે.અમદાવાદ

...અનુસંધાન પાના 2 પર

**ન્યૂઝ બ્રીફ**

### જમ્મુ-કાશ્મીરમાં એલઓસી પર પાકિસ્તાની ડ્રોન ફરતા દેખાયા

**જમ્મુ.** અધિકારીઓએ જણાવ્યું હતું કે, રવિવારે સાંજે સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના સાંબા, રાજૌરી અને પૂંછ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ (આઈબી) અને નિયંત્રણ રેખા (એલઓસી) પર અનેક આગળના વિસ્તારોમાં શંકાસ્પદ ડ્રોન જોયા હતા. અધિકારીઓએ કહ્યું હતું કે, તમામ ઉડતી વસ્તુઓ પાકિસ્તાન તરફથી આવી હતી અને થોડી મિનિટો માટે ભારતીય પ્રદેશ પર ફર્યા પછી પરત ફર્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગળના વિસ્તારોમાં શંકાસ્પદ ડ્રોનની ગતિવિધિઓ જોયા પછી સુરક્ષા દળોએ જમીન પર સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજૌરીમાં એલઓસી પર નૌશેરા સેક્ટરની સુરક્ષા કરી રહેલા સૈન્યના જવાનોએ

...અનુસંધાન પાના 2 પર

### જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક સર્ચ ઓપરેશન શરૂ

**જમ્મુ.** અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુપ્તચર એજન્સીઓએ અહીં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક કાનાચક વિસ્તારમાં સેટેલાઇટ ફોન કોમ્યુનિકેશન મેળવ્યા બાદ સુરક્ષા દળોએ રવિવારે એક વિશાળ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા થુરાયા સેટેલાઇટ ડિવાઇસ દ્વારા કરવામાં આવેલા સંદેશાવ્યવહારને પગલે જમ્મુ અને કાશ્મીર પોલીસ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને આર્મીના

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૧-૦૧-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૦.૪° સે. | ૧૪.૦° સે. | ૫૫% |

## મોડું થાય તે પહેલા અમેરિકા સાથે કરાર કરી લો : ક્યુબાને ટ્રમ્પની ધમકી

**ક્યુબામાં** હવે વેનેઝુએલાનું ઓઇલ કે નાણા જશે નહીં એવી ચેતવણી પણ ટ્રમ્પે આપી



**વૉશિંગ્ટન, તા. 11 :** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જણાવ્યું હતું કે ક્યુબાએ મોડું થાય તે પહેલાં અમેરિકા સાથે કરાર કરી લેવો જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે ક્યુબા ઘણા વર્ષોથી વેનેઝુએલા પાસેથી મળતા ભારે પ્રમાણમાં તેલ અને નાણાં પર જીવી રહ્યું છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર તેમની લાક્ષણિક શૈલીમાં લખ્યુંઃ હવેથી ક્યુબામાં કોઈ તેલ કે નાણાં જશે નહીં - ઝીરો! હું તેમને ભારપૂર્વક સૂચન કરું છું કે તેઓ ખૂબ મોડું થાય

...અનુસંધાન પાના 2 પર

### માર્કો રૂબિયો ક્યુબાના પ્રમુખ બનશે? !

દિવસની શરૂઆતમાં, ટ્રમ્પે કોઇકની એક સોશિયલ મીડિયા પોસ્ટનો સ્ક્રીનશોટ શેર કર્યો હતો જેમાં લખ્યું હતું કે, માર્કો રુબિયો ક્યુબાના પ્રમુખ બનશે. આના પર ટ્રમ્પે પોતાની સહમતી દર્શાવતા લખ્યું, મને આ યોગ્ય લાગે છે! અત્રે ઉલ્લેખનીય છે કે માર્કો રૂબિયો અમેરિકાના વિદેશ મંત્રી છે.

### સોનિયા ગાંધીને ગંગા રામ હોસ્પિટલમાંથી રજા અપાઇ

**નવી દિલ્હી.** કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, જેમને છાતીમાં ચેપને કારણે શ્વાસનળીના અસ્થમાની બીમારી વધી જતાં લગભગ એક અઠવાડિયા પહેલા સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, તેમને રવિવારે રજા આપવામાં આવી હતી. એમ હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સારવારની સારી અસર થઈ છે અને તેમની તબિયત સારી છે. હોસ્પિટલના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''કોંગ્રેસના વરિષ્ઠ નેતાને આજે સાંજે ૫ વાગ્યે હોસ્પિટલમાંથી રજા આપવામાં

...અનુસંધાન પાના 2 પર

**અમેરિકા અને ઇઝરાયેલી દળોને નિશાન બનાવવાની ઇરાનની ફરી ચેતવણી**

## ઈરાનના વિરોધ પ્રદર્શનોને બે સપ્તાહ પુરા થયા : મૃત્યુઆંક 203

**ઇરાની** સંસદના સ્પીકરે ઇરાનના લોકોને વિરોધ પ્રદર્શનોથી દૂર રહેવા ચેતવણી આપી

**વિરોધ** પ્રદર્શનકારીઓને મદદ માટે અમેરિકા તૈયાર હોવાનું ટ્રમ્પે ફરીથી ઉચ્ચાર્યું

**મૃતકોમાં** 162 પ્રદર્શનકારીઓ છે, 41 સુરક્ષા દળોના સભ્યો, મરણાંક હજુ વધારે હોવાની સંભાવના



**દુબઇ, તા. 11 (AP):** ઈરાનની ધર્મશાહીને પડકારતા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો રવિવારે બે અઠવાડિયાના આંકને વટાવી ગયા હતા, જેમાં પ્રદર્શનકારીઓ દેશની રાજધાની અને બીજા સૌથી મોટા શહેરના માર્ગો પર ઉતરી આવ્યા હતા. દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોમાં ફાટી નીકળેલી હિંસામાં ઓછામાં ઓછા 203 લોકોના મોત થયા છે, અને ચળવળકારોએ રવિવારે ચેતવણી આપી હતી કે વાસ્તવિક મૃત્યુઆંક આનાથી ઘણો વધારે હોઈ શકે છે. ઈરાનમાં ઈન્ટરનેટ બંધ હોવાથી અને ફોન લાઈનો

...અનુસંધાન પાના 2 પર

### મૃતદેહોના ઢગલા, શબઘરો ભરાઈ ગયા: વિરોધ પ્રદર્શનો વચ્ચે ઈરાનની હોસ્પિટલો દબાણ હેઠળ

મોટા પાયે સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો દેશભરમાં ફેલાઇ રહ્યા છે ત્યારે ઈરાનની હોસ્પિટલો દર્દીઓના ઉછાળાનો સામનો કરવા માટે સંઘર્ષ કરી રહી છે . તેહરાન સહિત અનેક હોસ્પિટલોના ઇમરજન્સી વોર્ડ, સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા હિંસક કાર્યવાહી બાદ મૃતદેહોના ઢગલા થયાનું તબીબી

...અનુસંધાન પાના 2 પર

## હજારથી વધુ આત્મઘાતી બોમ્બરો ભારત પર હૂમલો કરવા તૈયાર : મસૂદ અઝહર

**1000થી** વધુ આત્મઘાતી બોમ્બરો ભારત પર હુમલો કરવા પોતાની પરવાનગી માગી રહ્યા હોવાની અઝહરની ડંફાસ

**જો હું** પૂરી સંખ્યા જણાવી દઉં તો દુનિયાભરના મીડિયામાં હંગામો મચી જશે!



**નવી દિલ્હી, તા. 11 :** પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM)ના વડા મસૂદ અઝહરનું એક કથિત ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યું છે. આ રેકોર્ડિંગમાં તે દાવો કરી રહ્યો છે કે મોટી સંખ્યામાં આત્મઘાતી હુમલાખોરો કોઈપણ ક્ષણે હુમલો કરવા માટે તૈયાર છે. મસૂદ અઝહર સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા જાહેર કરાયેલ આતંકવાદી છે, જે લાંબા સમયથી પાકિસ્તાનથી ભારત વિરુદ્ધ હુમલાઓનું કાવતરું ઘડવાનો આરોપ ધરાવે છે. આ રેકોર્ડિંગમાં અઝહર એમ કહેતો સંભળાય છે કે ૧,૦૦૦થી વધુ આત્મઘાતી બોમ્બરો તૈયાર છે અને ભારત પર હુમલો કરવા

...અનુસંધાન પાના 2 પર

## દિલ્હીના દંપતીને ડિજિટલ એરેસ્ટ કરી, આશરે રૂ. 15 કરોડ ધૂતી લેવાયા

**રાષ્ટ્રીય** સુરક્ષાનો મામલો ગણાવીને દંપતીને બે અઠવાડિયાથી વધુ સમય સુધી ડિજિટલ એરેસ્ટમાં રખાયું



**નવી દિલ્હી, તા. 11 :** અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, દક્ષિણ દિલ્હીના ગ્રેટર કૈલાસમાં રહેતા એક વૃદ્ધ ડૉક્ટર દંપતીને

...અનુસંધાન પાના 2 પર

## સરળ બનાવાયેલો નવો આવકવેરા કાયદો પહેલી એપ્રિલથી અમલી બનશે

**બજેટમાં** વેરા સંબંધિત જે ફેરફારો જાહેર કરવામાં આવશે તેને આ આવકવેરા અધિનિયમ, 2025માં સામેલ કરવામાં આવશે

**નવી દિલ્હી, તા. 11 (PTI):** આગામી 1 એપ્રિલથી આવકવેરા અધિનિયમ, 2025 અમલમાં આવશે, જે છ દાયકા જૂના ટેક્સ કાયદાનું સ્થાન લેશે. વર્ષ 2026-27ના બજેટમાં ટેક્સ કાયદાઓમાં જે પણ ફેરફારો કરવામાં આવશે, તેને આ નવા કાયદામાં સામેલ કરવામાં આવશે. 2025નો આ નવો આવકવેરા કાયદો 'રેવન્યુ ન્યુટ્રલ' છે, એટલે કે ટેક્સના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેણે માત્ર પ્રત્યક્ષ વેરા કાયદાઓને સમજવામાં સરળ બનાવ્યા છે અને અસ્પષ્ટતાઓ દૂર કરી છે, જેથી કાયદાકીય વિવાદોની શક્યતા ઘટી શકે. 1961ના આવકવેરા અધિનિયમની સરખામણીએ આ નવા કાયદામાં લખાણ અને કલમોમાં આશરે 50 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નવો કાયદો 'એસેસમેન્ટ યર' (આકારણી વર્ષ) અને 'પ્રિવિયસ યર' (પાછલું વર્ષ) વચ્ચેનો તફાવત નાબૂદ કરીને તેને એક સિંગલ 'ટેક્સ

...અનુસંધાન પાના 2 પર

## અશ્લીલ સામગ્રી મુદ્દો : Xએ ભૂલ સ્વીકારી, 600 એકાઉન્ટ્સ દૂર કર્યા

**ઇલોન** મસ્કની X કંપનીએ ખાતરી આપી કે તે ભારતીય કાયદાઓનું પાલન કરશે

**નવી દિલ્હી, 11 જાન્યુઆરી (PTI):** માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ X (અગાઉનું ટ્વિટર) એ પોતાની ભૂલ સ્વીકારી છે અને ઈલોન મસ્ક સમર્થિત AI ચેટબોટ 'ગ્રોક' (Grok) સાથે જોડાયેલી અશ્લીલ સામગ્રી અંગે આઈટી મંત્રાલયે ચિંતા વ્યક્ત કર્યા બાદ, લગભગ 3,500 પોસ્ટ્સ હટાવી દીધી છે અને 600 થી વધુ એકાઉન્ટ્સ ડિલીટ કર્યા છે, તેમ રવિવારે સરકારી સૂત્રોએ જણાવ્યું

...અનુસંધાન પાના 2 પર